# સૂરજ એસ્ટેટ ડેવલપર્સ લિમિટેડની ઇનિશિયલ પબ્લિક ઑફર સોમવાર, ૧૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ખુલશે, જે ઇક્વિટી શેર દીઠ **Rs 340** થી **Rs 360**ના ભાવે પ્રાઇસ બેન્ડ સેટ કરે છે







અમદાવાદ, ૧૯ ડિસેમ્બર, ૨૦૨૩: જયપુર સ્થિત હાઇપરલોકલ જ્વેલરી રિટેલ ચેઇન, મોતીસંસ જ્વેલર્સ તેના ગ્રાહકોને ડિઝાઇન, ઉચ્ચ ગુણવત્તા, પારદર્શિતા અને ગ્રાહક સેવા ઑફર કરવા પર વધારે ધ્યાન કેન્દ્રિત કરે છે, તેણે તેની મેડન ઇનિશિયલ પબ્લિક ઑફર માટે ઇક્વિટી શેર દીઠ ઇંજ ૫૨ થી ઇંજ ૫૫ નો પ્રાઇસ બેન્ડ નક્કી કર્યો છે. કંપનીની ઇનિશિયલ પબ્લિક ઑફર (**"IPO"** અથવા "ઑફર") સબસ્ક્રિપ્શન માટે સોમવાર, ૧૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ખુલશે અને બુધવાર, ૨૦ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ બંધ થઈ જશે. રોકાણકારો ઓછામાં ઓછા ૨૫૦ ઇક્વિટી શેર અને ત્યારબાદ ૨૫૦ ઇક્વિટી શેરના ગુણાંકમાં બિડ લગાવી શકે છે.

ઇક્વિટી શેર દીઠ ઇંજ ૧૦ના ફેસ વેલ્યુનો પબ્લિક ઇશ્યુ સંપૂર્ણપણે ૨,૭૪,૭૧,૦૦૦ ઇક્વિટી શેરનો નવો ઇશ્યુ છે જેમાં કોઈ ઑફર ફોર સેલ **(OFS)** ઘટક નથી. મોતીસંસ જ્વેલર્સનું સંચાલન બીજી પેઢીના ઉદ્યોગસાહસિકો, સંદીપ છાબરા, ચેરમેન અને આખા સમય ડિરેક્ટર અને સંજય છાબરા, મેનેજિંગ ડિરેક્ટર, સ્વ. મોતીલાલ છાબરાના પુત્રો દ્વારા કરવામાં આવે છે, જેઓ જ્વેલરી ઉદ્યોગમાં બે દાયકાથી વધુ વર્ષોની કુશળતા ધરાવે છે. તેના અન્ય ઑફરિંગમાં સોના અને ચાંદીના સિક્કા, વાસણો અને અન્ય કલાકૃતિઓનો સમાવેશ થાય છે. તેણે ૧૯૯૭માં પાર્ટનરશિપ ફર્મ **'M/s Motisons Jewellers'** મારફત તેનો વ્યવસાય શરૂ કર્યો હતો અને ત્યારબાદ ૨૦૧૧માં પબ્લિક લિમિટેડ કંપનીમાં રૂપાંતરિત થયો હતો અને હાલમાં જયપુર, રાજસ્થાનમાં બહુવિધ અગ્રણી સ્થાનો પર તે હાજર છે. મોતીસંસ એ ૧૯૯૭માં જયપુર, રાજસ્થાનમાં એક જ શોરૂમથી તેનો જ્વેલરીનો વેપાર શરૂ કર્યો હતો. તેનું પ્રથમ આઉટલેટ, જે 'ટ્રેડીશનલ સ્ટોર' તરીકે પ્રખ્યાત છે, તે શહેરના મધ્યમાં આવેલા પ્રખ્યાત જ્વેલરી હબ, સૌથી વ્યસ્ત જોહરી બજારની પ્રસિદ્ધ ગલીઓ વચ્ચે સ્થાપિત કરવામાં આવ્યું હતું.